## જ્યાં સરકાર બેસે છે... ત્યાં જ આવી સ્થિતિ..?

# મોંઘવારી અને બેરોજગારીથી કંટાળી બે યુવાનોના આપઘાત..!

ગાંધીનગર, તા. ૨૧

એક તરફ બેરોજગારી અને શોષણ નામનાં બે દૂષણો સામે યુવાધન લાચાર થઈ રહ્યું છે અને બીજી તરફ જીવન જરૂરીયાતની ચિજવસ્તુઓ ખરીદવા માટે પણ મધ્યમ વર્ગીય પરીવારને પરસેવા છુટી જાય તેવી મોંઘવારીએ માઝા મુકી દીધી છે. સરકાર જ્યાં બેસે છે તે ગાંધીનગર વિસ્તારમાં જ આ બંને કારણોસર બે યુવાનોએ આપઘાત કરી લીધા હોવાની ઘટના સામે આવી છે. સરકાર એક તરફ કરોડો રૂપિયા વિવિધ કાર્યક્રમોમાં ખર્ચ પેટે વાપરી રહી છે અને બીજી તરફ લાચાર યુવાનો આર્થિક સંકડામણને કારણે આપઘાત કરી રહ્યા છે. સે. ૨ ના એક યુવાને કેનાલમાં ઝંપલાવી આપઘાત કરી લીધો હોવાની અને વાસણ મહાદેવ ગામના યુવાને બેરોજગારીથી કંટાળી ગળેફાંસો ખાઈ લીધો હોવાની સરકારને શરમ અપાવે તેવી ઘટના ધ્યાને આવી છે. મધ્યમવર્ગીય પરિવારો મોંઘવારી હળવી કરવા સરકાર પ્રયત્નો કરે તેવી પ્રાર્થના કરી રહ્યા છે..!

### જીવન જરૂરીયાતની ચીજવસ્તુ ખરીદવાના ફાંફાં પડે તેવી પરિસ્થિતિ વચ્ચે સે. ૨ના યુવાને કેનાલમાં પડતુ મુક્યુ : નોકરી ન મળતા કંટાળીને વાસણ મહાદેવના યુવાને ગળે ફાંસો ખાઈ લીધો

શહેરના સે.-૨-ડી પ્લોટ નં. ૩૯૨/૨ ખાતે રહેતા ૩૯ વર્ષિય યુવાન સતીષભાઈ બાબુભાઈ ચાવડા સચિવાલયમાં સિક્યુરીટી ગાર્ડ તરીકે ફરજ બજાવતા હતા અને ત્યાંથી તાજેતરમાં નોકરી કોઈ કારણોસર છુટી ગઈ હતી. બે સંતાનોના પિતા સતીષભાઈને આવી મોંઘવારીમાં પરીવારને બે ટંકનું ખવડાવવા માટે પણ ફાંફાં પડવા લાગ્યા અને આર્થિક ભીંસ અનુભવવા લાગ્યો હતો. આખરે મોંઘવારીના પ્રહારો વચ્ચે તે ભાંગી પડ્યો અને ગઈકાલે ઘરેથી નીકળી ગયો હતો. આજે સવારે સુઘડ નર્મદા કેનાલમાંથી તેનો મૃતદેહ મળી આવતા પરિવારમાં સન્નાટો છવાઈ ગયો છે. કેનાલમાં ઝંપલાવી આપઘાત કરી લેનાર યુવાનનો મૃતદેહ બહાર કઢાવી પી.એમ. કરાવી અડાલજ પોલીસે વધુ તપાસ શરૂ કરી છે.

તો બીજી તરફ વાસણીયા મહાદેવ ગામમાં રહેતો ૨૩ વર્ષીય અપરિણીત યુવાન હાર્દિકસિંહ રણજીતસિંહ વાઘેલા ઘણા સમયથી નોકરીની શોધમાં હતો પરંતુ વગદારની ભલામણ અને રૂપિયા વગર નોકરી મળવી એટલે લોઢાના ચણા ચાવવા જેવી વાત થઈ ગઈ છે. તેને નોકરી ના જ મળી અને તેટલામાં પરિવારના કોઈ સભ્યએ બેરોજગારીના કારણોસર ઠપકો આપ્યો એટલે તેને લાગી આવતા આજે સવારે પોતાના ઘરે જ છત પર કમર પટ્ટો બાંધીને તેણે ગળેફાંસો ખાઈ લઈ જીવન લીલા સંકેલી નાંખી હતી. પેથાપુર પોલીસે આ ઘટનાની ઊંડી તપાસ શરૂ કરી છે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




હે ગુરુજી આ યોગ તો ઠીક છે... પણ એ કહો ને કે આપણે પેલાની જેમ દાળ ખાઇ શકીએ એવા યોગ ક્યારે થશે...??

# વાયુશકિત નગર ખાતે એરફોર્સના જવાનોએ યોગ દિવસ ઉજવ્યો

### એરફોર્સ સ્ટેશનના કમાન્ડિંગ-ઈન-ચીફ એર માર્શલ આર.કે. ધીરે પણ જવાનો સાથે યોગાસનો કર્યા : ૮૦૦થી વધુ જવાનો તથા તેમના પરિવારજનો કાર્યક્રમમાં જોડાયા

ગાંધીનગર, તા.૨૧

'યોગ એ જીવનને સ્વાસ્થ્ય તથા તાજગી બક્ષે છે, દરેક વ્યકિતએ નિયમિત યોગ-પ્રાણાયામ કરવા જોઈએ. મને આનંદ છે કે ભારતીય સંસ્કૃતિના અણમોલ વારસા સમા યોગને આજે સમગ્ર વિશ્વ એ સ્વીકાર્યો છે. આ પ્રસંગે હું સૌને વિશ્વ યોગ દિવસની શુભેચ્છાઓ પાઠવું છું.' આશબ્દો છે સાઉથ વેસ્ટર્ન એરફોર્સ કમાન્ડ-સ્વાકના એર ઓફિસર કમાન્ડિંગ-ઈન-ચીફ એર માર્શલ આર.કે. ધીરના જેઓ આજે ગાંધીનગર-ચિલોડા માર્ગ પર વાયુશકિત નગર ખાતે ૮૦૦થી વધુ એરફોર્સ કર્મીઓ સાથે યોગ દિવસની ઉજવણી નિમિત્તે ઉપસ્થિત રહ્યા હતાં.



એરફોર્સ સ્ટેશનના ચિલોડા ખાતેના વાયુશકિત નગર ખાતે આજે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીનું વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. વાયુ શકિત નગરના અત્યંત સુંદર અને હરિયાળા સંકુલમાં નયનરમ્ય ગોલ્ફ કોર્સ મેદાન ખાતે વહેલી સવારના ખુશનુમા વાતાવરણમાં યોજાયેલા યોગ-પ્રાણાયામ કાર્યક્રમમાં ભાગ લેવા મોટી સંખ્યામાં એરફોર્સના જવાનો તથા તેમના પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા. એર માર્શલ આર.કે. ધીર પણ તેમના ધર્મપત્નિ સાથે આ કાર્યક્રમમાં જોડાયા હતા અન યોગાસનો કર્યા હતા. આ કાર્યક્રમમાં સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના યોગ શિક્ષકોએ યોગ પ્રાણાયામ તથા વિવિધ આસનો અંગે સુંદર માર્ગદર્શન આપ્યું હતું. આ કાર્યક્રમમાં એરફોર્સના ઉચ્ચ અધિકારીઓ પણ જોડાયા હતા. યોગના કાર્યક્રમ બાદ તમામને સ્વાસ્થ્ય વર્ધક જયુસ તથા પૌષ્ટિક નાસ્તાનું વિતરણ કરાયું હતું.

## ખૂણે ખાંચરેથી...

● આજે ગાંધીનગર સેન્ટ્રલ વિસ્ટામાં યોજાયેલા વિશ્વયોગ દિવસની ઉજવણીમાં ૬ થી પણ વધુ સનદી અધિકારીઓ જોડાયા હતા.

● ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય અશોક પટેલ તિરૂપતિની યાત્રાએ જઈને આવી ગયા છે.

● ગાંધીનગર જિલ્લા પંચાયતના શાખાધિકારીઓની આજે મેરેથોન બેઠક જિલ્લા વિકાસ અધિકારી દિપેશ દેસાઈએ લીધી હતી. ચાર કલાક સુધી આ બેઠક ચાલી હતી.

● સચિવાલયના કર્મચારી અગ્રણી ભવાનસિંહ પરમારને પગે વાગ્યુ છે.

● ગાંધીનગરમાં પ્રિ. મોન્સુન એકટીવીટીને લઈ થયેલા વરસાદ પછી વન વિભાગ દ્વારા વૃક્ષોનું વાવેતર પણ શરૂ કરી દેવામાં આવ્યું છે.

● ગાંધીનગર જિલ્લામાં આજે ૧૨૦૦થી વધુ સ્થાનો પર વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

● રહેમરાહે યોજના હેઠળ નિમણુંક પામેલ વિધવા મહિલા કર્મચારીઓને ઉચ્ચત્તર પગારધોરણ મંજૂર કરવા માટે કોમ્પ્યુટરની સીસીસીની પરીક્ષામાંથી મુક્તિ આપવાનો નિર્ણય રાજ્ય સરકારે કર્યો છે.

# શિશુ મંદિર માણસા ખાતે વિશ્વ યોગ દિવસની ઉજવણી

ગાંધીનગર જિલ્લાના માણસા ખાતે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીનો કાર્યક્રમ શિશુ મંદિર શાળા ખાતે આયોજિત કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં શાળામાં અભ્યાસ કરતાં તમામ બાળકો, શિક્ષકો અને માણસાના આરોગ્યપ્રેમી નાગરિકો બહોળી સંખ્યામાં જોડાયા હતા. આ પ્રકારનો કાર્યક્રમ માણસા ખાતે પ્રથમવાર આયોજિત થયો હોઈ લોકો ઉત્સાહ સાથે તેમાં જોડાયા હતા. કાર્યક્રમના અધ્યક્ષ સ્થાનેથી વિધાનસભાના અધ્યક્ષના અંગત સચિવ અને શિશુ મંદિરના ટ્રસ્ટી દિનેશભાઈ વ્યાસે યોગનું મહત્વ સમજાવ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે વિદ્યાભારતી સંચાલિત શિશુમંદિરના પ્રમુખ બાબુભાઈ પટેલ અને શિક્ષકોએ ભારે જહેમત ઉઠાવી હતી. વિદ્યાભારતીના પ્રાંત સંગઠન મંત્રી મહેશભાઈ પતંગડે, જિલ્લા ભાજપ પ્રમુખ અને ઔડાના ડાયરેક્ટર નૈલેષભાઈ શાહ, ભાજપના અગ્રણી અને ૪૬ ગામ કડવા પાટીદાર સમાજના પ્રમુખ ડી.ડી. પટેલ, યુવા કાર્યકર અને સમાજ સેવક યોગેશ પટેલ, માણસા નાગરિક સહકારી બેન્કના ચેરમેન એ.એસ. પટેલ, ઉદ્યોગપતિ, હર્ષદસિંહ ઝાલા, નવરંગ ગ્રુપ માણસાના વિષ્ણુભાઈ પટેલ અને અન્ય અગ્રગણ્ય નાગરિકો આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

# ચાંદીપુરા માટે તંત્રને એલર્ટ રહેવા તાકીદ

### શુક્રવારે દહેગામમાં તાલુકાના સરકારી અને ખાનગી તબીબો સાથે જિલ્લાતંત્રએ યોજેલી બેઠક

ગાંધીનગર, તા. ૨૧

ચાંદીપુરના સંભવિત રોગચાળા સામે તંત્ર સતર્ક રહે તે માટે રાજ્યના આરોગ્યતંત્રને લેખિતમાં સૂચનાઓ આપી છે. આ ઉપરાંત ચોમાસાની સિઝનમાં કોંગો, સ્વાઈનફ્લુ જેવા ચેપી રોગ પણ ન દેખાય તે માટે તંત્ર સતર્ક રહે તેમ પણ જણાવ્યુ છે.

છેલ્લા કેટલાક વર્ષથી ગુજરાત રાજ્યમાં ચાંદીપુરાનો રોગ દેખાયો છે. આ રોગ ખાસ કરીને ઉત્તર ગુજરાત તેમજ મધ્યગુજરાતમાં દેખાયો હોવાથી પાણી પહેલાં પાળ બાંધતા તંત્રએ આ માટેની સૂચનાઓ જારી કરી છે.

આરોગ્ય વિભાગે આ અંગેની સૂચનાઓ આપતાં જણાવ્યુ છે કે બાળકોને સપ્ન તાવના કિસ્સાઓમાં સત્વરે બાળરોગ નિષ્ણાત પાસે સારવારની વ્યવસ્થા કરાવવી. તમામ રાજ્યકક્ષાની રેફરન્સ હોસ્પિટલ, મેડિકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલમાં આના ચિહ્નો જણાતા હોય તો તાત્કાલિક બેઠક કરી પ્રોટોકોલની સારવાર ઉપલબ્ધ બને તે પણ જોવુ.

ચાંદીપુરાના કેસો ખાસ કરીને જુન, જુલાઈના મહિનામાં વધારે દેખાતા હોય છે. ગુજરાતમાં છેલ્લા કેટલાક સમયમાં દાહોદ, પંચમહાલ, વડોદરા, ખેડા, અમદાવાદ, બનાસકાંઠા, સાબરકાંઠા અને ગાંધીનગરમાં ચાંદીપુરાના કેસોએ દેખા દીધી હતી.

મળતી વિગતો પ્રમાણે બે વર્ષ પૂર્વે ગાંધીનગર જિલ્લામાં દહેગામ તાલુકામાં ચાંદીપુરાનો કેસ નોંધાયો હતો. રેતીની માખથી થતો આ વાઈરલ રોગ છે. તેની કોઈ અટકાવતી રસી કે વિશિષ્ટ દવા નથી વેક્ટર કંટ્રોલ એ જ શ્રેષ્ઠ ઉપાય છે. ગરમ અને ભેજવાળુ વાતાવરણ આ રોગ માટે સાનુકૂળ માનવામાં આવે છે.

જિલ્લાતંત્રએ આને લઈ શુક્રવારે દહેગામ ખાતે સરકારી તેમજ ખાનગી પ્રેક્ટીસ કરતા તબીબોની એક વિશિષ્ટ બેઠકનું આયોજન કર્યુ હોવાનું પણ જાણવા મળેલ છે.



વિશ્વ યોગ દિવસે નવગુજરાત કોમર્સ કોલેજ સેકટર-૨૮ ગાંધીનગર દ્વારા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. કોલેજના વિદ્યાર્થીઓ અને શિક્ષકમિત્રોએ ઉત્સાહભેર આ કાર્યક્રમમાં ભાગ લઈ વિવિધ આસનો અને યોગાભ્યાસનો લાભ લીધો હતો.

# પંચાયતની વેબસાઈટ અપડેઈટ ન હોવાને લઈ ડીડીઓએ નારાજગી વ્યક્ત કરી

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લા પંચાયતની વેબસાઈટ અપડેઈટ થતી ન હોવાની વાતને લઈ આજે જિલ્લા વિકાસ અધિકારી દિપેશ દેસાઈએ સખ્ત નારાજગી વ્યક્ત કરી હતી. તેમણે તંત્રના અધિકારીઓને લક્ષ્યાંક આધારિત વહીવટી પદ્ધતિ તરફ જવાનો નિર્દેશ પણ આપ્યો હતો.

જિલ્લા પંચાયતના શાખાધિકારીઓની બેઠકમાં આ નારાજગી વ્યક્ત કરતાં તેમણે જણાવ્યુ હતુ કે દરેક તાલુકામાં આ માટે એક કર્મચારીને જવાબદારી સોંપવી જોઈએ.

દેસાઈએ વિકાસના કામોનો ઉલ્લેખ કરી જણાવ્યુ હતુ કે સરદાર આવાસ યોજનાની કામગીરીની દર મહિને સમીક્ષા થવી જોઈએ. આ ઉપરાંત ૧૪મા નાણાં પંચના મળેલ અનુદાનોમાંથી વિલેજ ડેવલપમેન્ટ પ્લાન પ્રમાણેના કામો શરૂ થાય તે જોવુ જોઈએ એટલુ જ નહિ દર પંદર દિવસે તેની સમીક્ષા પણ કરવામાં આવે.

### ગામતળની જમીનો નીમ કરવા માટેની દરખાસ્તો સમયસર થાય : ૧૪મા નાણાં પંચના કામોની દર પંદર દિવસે સમીક્ષા કરવા કરેલો અનુરોધ

૧૩મા નાણાં પંચના અનુદાનમાંથી ગટરના કામોને જે પ્રાધાન્ય આપવામાં આવ્યુ છે તેની પણ સમીક્ષા થવી જોઈએ.

ગતિશીલ ગુજરાતના નવા લક્ષ્યાંકો બાબતે તંત્ર પુનઃ કાર્યરત બની અને એક ટીમ તરીકે કામ કરે તેવો આગ્રહ કરી તેમણે જણાવ્યુ હતુ કે ખાતાકીય પસંદગી સમિતિની બેઠકો સમયાંતરે મળી જાય તે જરૂરી છે. તેમણે ગામતળની જમીનો નીમ કરવા માટેની દરખાસ્તો જે સાત ગામની જિલ્લાતંત્રમાં કયા તબક્કે પડતર છે તે દિશામાં પણ આપણે નક્કર કામ કરવુ પડશે.

દિપેશ દેસાઈએ જિલ્લા વિકાસ અધિકારી તરીકેનો ચાર્જ સંભાળ્યા પછી આજે પહેલીવાર કલેક્ટરની ઉપસ્થિતિમાં શાખાધિકારીઓની મેરેથોન બેઠક યોજી હતી. દેસાઈએ પ્રમાણપત્રો અંગે શાળાકક્ષાએ જ કેમ્પોનું આયોજન થાય તેવો આગ્રહ કર્યો હતો. એટલુ જ નહિ મહેસુલી વર્ષ સંપન્ન થવાની આડે હવે થોડાક દિવસો બાકી છે ત્યારે અસરકારક વસુલાત માટે પણ આગ્રહ કર્યો હતો.

તેમણે જિલ્લામાં આંગણવાડીના મકાનો માટે જમીન ઉપલબ્ધતા શોધી બે માસમાં અહેવાલ રજુ કરવા માટેની સૂચના પણ આપી હતી.

# ગાંધીનગર નાગરિક બેન્કે યોગ દિવસ ઉજવ્યો

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર નાગરિક - ઓપરેટીવ બેન્ક લિ.ના સમગ્ર બોર્ડ ઓફ ડિરેક્ટર્સ આજે વિશ્વ યોગ દિવસની ઉજવણી કરી હતી. આ કાર્યક્રમમાં ગાંધીનગરના જાણીતા યોગગુરૂ જે.સી. પટેલના માર્ગદર્શન હેઠળ યોગ-પ્રાણાયમનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ભારતીય સંસ્કૃતિના યોગ-પ્રાણાયામની પ્રસિદ્ધિના પ્રયાસના પરિપાકરૂપે ઉજવાતા વિશ્વ યોગ દિવસની ઉજવણી માટે બેન્ક દ્વારા વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં બેન્કના ૮૭ જેટલા કર્મચારીઓએ સક્રીય ભાગ લઈ યોગાસનો તથા પ્રાણાયામ થકી અનેરા તાજગીસભર અનુભવનો લાભ લીધો હતો.

જે.સી. પટેલે કર્મચારીઓને સુંદર રીતે યોગ શિક્ષણ આપી માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું. કાર્યક્રમના આયોજન માટે મેનેજીંગ ડિરેક્ટર મનુભાઈ પટેલે વિશેષ રસ દાખવી જહેમત ઉઠાવી હતી.

# સે-૫/એ માં છેલ્લા ત્રણ દિવસથી લાઈટો ડુલ રહેતા સેકટરવાસીઓ ત્રાહીમામ

ગાંધીનગર તા ૨૧

સે- ૫ એ માં છેલ્લા ત્રણ દિવસથી દિવસ દરમિયાન વિજપ્રવાહ ખોરવાઈ જતા રહીશોમાં આક્રોશ પ્રવર્તયો છે. આકરા બફાર વચ્ચે લાઈટો ડુલ રહેતા સેકટરવાસીઓએ ગરમીમાં શેકાવાનો વારો આવે છે. નવા સેકટરોમાં આકરી ગરમીના દિવસોમાં વિજલાઈનમાં ટેકનિકલ ફોલ્ટ નિવારવાની કામગીરીનો આરો ન આવતા રહીશો તોબા પોકારી ગયા છે.

શહેરમાં આકરી ગરમીના દિવસોમાં વિજપુરવઠાનો વપરાશ વધતા સેકટરોમાં ટેકનિકલ ખામીના લીધે છાશવારે લાઈટો ડુલ થઈ જતી હોવાથી નગરજનોએ હાલાકી વેઠવાનો વારો આવે છે. ગત મહીના દરમિયાન પણ સેકટરોમાં વિજપુરવઠાની માંગ સામે ઉપયોગ વધતા ઘણીવાર ટેકનિકલ ખામી સર્જાતા લાઈટો ડુલ થતા સેકટરવાસીઓએ અસહ્ય ગરમીમાં શેકાવાનો વારો આવ્યો હતો. જયારે લાંબા સમયના અંતે પણ નવા સેકટરોમાં વિજળીના ધાંધિયાનો અંત આવ્યો નથી. અગાઉ સેકટર ૪ માં પણ કામગીરીના લીધે વિજસપ્લાય બંધ રહયો હતો. જયારે સે-૫ એ માં છેલ્લા ત્રણ દિવસથી વિજળી ડુલ થઈ જાય છે. દિવસ દરમિયાન લાઈટો ડુલ રહેતા નગરજનોએ અસહ્ય ઉકળાટમાં પરસેવે ભીંજાવાનો વારો આવ્યો છે. બપોરના સમયે વિજ પુરવઠો ખોરવાઈ જતા રહીશો ત્રાહીમામ પોકારી ગયા છે. નવા સેકટરોમાં વિજળીના ધાંધિયાની સમસ્યા સેકટરવાસીઓ માટે શિરદર્દ સમાન બની છે. ત્યારે આ માટે કાયમી નિરાકરણ લાવવા યોગ્ય કાર્યવાહી હાથ ધરવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

# ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં યોગ દિવસ ઉજવાયો

આંતરરાષ્ટ્રીય યોગ દિવસ અનુસંધાને ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ રાંધેજા ખાતે 'યોગ દિવસ' મનાવવામાં આવ્યો હતો. બાળકોને વધુને વધુ યોગ તરફ પ્રેરીત કરવા શરૂઆતમાં શ્લોક ગુંજન કરાવી વિવિધ આસનો કરાવવામાં આવ્યા હતા. તથા યોગાસન, પ્રાણાયામ દ્વારા થતા ફાયદાઓ જણાવવામાં આવ્યા હતા. યોગ દિવસની ઉજવણીમાં સ્કૂલના ટ્રસ્ટી, પ્રિન્સીપાલ તેમજ દરેક શિક્ષકગણ સહભાગી બન્યા હતા. યોગ શિક્ષક દ્વારા દરેકને યોગનું મહત્વ બતાવવામાં આવ્યું હતું અને છેલ્લે દરેક વ્યકિતને સંકલ્પ લેવડાવવામાં આવ્યો હતો. ઓમ શાંતિના નાદથી ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલનું પટાંગણ આનંદ ઉત્સાહથી છવાઈ ગયું હતું.

# ખ-૦ પાસેની શુકન વિલાસ સોસાયટીના રહીશોએ યોગની તાલીમ મેળવી

ગાંધીનગર, તા. ૨૧

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગત વર્ષે યુનોમાં મુકેલી દરખાસ્તનો સ્વીકાર કરાતા તા. ૨૧મી જૂનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. ગાંધીનગરના સરગાસણ ચાર રસ્તા નજીક શુકન વિલાસ સોસાયટી ખાતે નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર તથા હેપ્પી યુથ ક્લબના સંયુક્ત ઉપક્રમે યોગ દિવસની ઉજવણીનો કાર્યક્રમ આયોજિત કરાયો હતો. આ પ્રસંગે આર્ટ ઓફ લિવીંગ સંસ્થાના યોગ તજજ્ઞ બાવકુભાઈ વાળાએ યોગાસનો તથા પ્રાણાયામ શીખવાડવાની સાથે સાથે તેનુ મહત્વ પણ સરળ ભાષામાં સમજાવ્યું હતું.

યોગ એક શારિરીક વિજ્ઞાન છે જેમાં નિષ્ઠા, નિરંતરતા અને ઋષિમુનિઓ તથા યોગીઓ યોગ થકી અનેક આધ્યાત્મિક સિદ્ધિઓ હાંસલ કરવામાં સફળ રહ્યા હતા. અર્વાચીન ટેકનોલોજી માન્ય નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા હેપ્પી યુથ ક્લબના સહકારથી યોગ-પ્રાણાયામનો



સજાગતાથી શારિરીક વિકાસ સાથે સાથે માનસિક વિકાસ પણ પ્રબળ બને છે. ભારતીય પ્રાચીન સંસ્કૃતિમાં યુગમાં ઉજવાઈ રહેલા યોગ દિવસની ઉજવણીમાં ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ કાર્યક્રમ આયોજિત કરાયો હતો. આ કાર્યક્રમમાં હેપ્પી યુથ ક્લબના

● અનુસંધાન પાના - ૭ પર

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧